

કોઈ પણ સમયે કોઈ પણ પ્રસંગે ભગવાનને ભૂલીશ નહીં; તારા ભગવાનને હો! એને સદાય તું દૃષ્ટિમાં રાખજે. તેમાં લીનતા તે જ મોક્ષનો માર્ગ છે. તેને ક્યારેય તું ભૂલીશ નહીં. તારો ભગવાન શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપ છે તેને કોઈ પણ સમયે ભૂલીશ નહીં.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

卐

કહાન સંવત-૧૦ □ (૫૬૪) ❋ આત્મધર્મ ❋ (અંક-૪ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૬ ઓક્ટોબર, ૧૯૯૦

## * આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* હે યોગી! તેં ડાબી બાજુ ને જમણી બાજુ બધે ઇંદ્રિયવિષયોરૂપી ગામ વસાવ્યું, પણ અંતરને તો સૂનું રાખ્યું...ત્યાં પણ એક બીજું (ઇંદ્રિયાતીત) ગામ વસાવ. ૨૪૪.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૧)

* આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઇંધનના ભારા નાખીને તે આશારૂપ અગ્નિને પ્રતિપળે વધારીને તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે. ૨૪૫.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૫)

* પંડિતો સમતાભાવને સમસ્ત શાસ્ત્રોનો સાર બતાવે છે. તે સમતાભાવ કર્મરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છે. ૨૪૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૬૮)

* આ જિન-વચનરૂપી ઔષધ વિષયસુખનું વિરેચન કરનારું છે, ભવ્ય જીવોને અમૃત સમાન છે, જિનવચનના સેવનથી ભવ્ય જીવ અમર બને છે. માટે આ જિન-વચનરૂપી ઔષધ જરા-મરણનું નાશક છે. દીર્ઘકાળ સુધી રહેવાવાળા રોગ અને અકસ્માત ઉત્પન્ન થવાવાળી વ્યાધિને જિન-વચન તત્કાળ નષ્ટ કરે છે. સર્વ દુઃખોનો નાશ કરીને મુક્તિ-સુખ આપે છે માટે હે મુનિ! આવા જિન-વચનરૂપી ઔષધનું તું સતત સેવન કર. ૨૪૭. (શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અધિ.-૨, ગાથા-૯૧)

* યદિ સૂર્યકી કિરણસમૂહમેં કદાચિત્ ઠંડકપના હો જાવે તથા ચંદ્રમામેં ગર્મી હો જાવે વ કદાચિત્ સુમેરુપર્વતમેં જંગમપના યા હલનચલનપના પ્રાપ્ત હો જાવે તો હો જાવો, પરંતુ કભી ભી દુઃખો કી ખાન ઇસ ભયાનક સંસારકે ચક્રમેં ભ્રમણ કરતે હુએ પુરુષકો પ્રગટપને સુખ નહીં પ્રાપ્ત હો સકતા હૈ. ૨૪૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૮)

કહાન
સંવત–૧૦
વર્ષ–૪૭
અંક–૪
[ ૫૬૪ ]

વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
OCTO.
A.D. 1990




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

મંગલ આશીર્વચન

## * તારા પરમાત્મસ્વરૂપની ધૂન લગાવ *

卐

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ–મન–વાણી ઉદયભાવ તો નથી જ, રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમવટ જામી છે, આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને પામર....પામર....પામર માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. હું માણસ છું ને ઢોર છું, રોગી છું, ભોગી છું, ભીખારી છું એવું દીનપણું માની લીધું છે તેને અંદરનું પરમાત્મપણું બેસવું કઠણ પડે છે. પણ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢયપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# * તીર્થંકરદેવે દેહમાં દીઠેલા દેવનું સ્વરૂપ *

( શ્રી સમયસાર શાસ્ત્ર ગાથા–૧૩ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વિશિષ્ટ પ્રવચન )

શ્રી સમયસાર શાસ્ત્રની આ ૧૩ મી ગાથાની ટીકાનો છેલ્લો ભાગ ચાલે છે. કુંદકુંદ-આચાર્ય શું કહે છે? કે—નવ તત્ત્વો પર્યાયમાં છે—માટે, નવતત્ત્વના ભેદ 'છે' એમ જાણવાલાયક છે પણ આદરવાલાયક તો એક શુદ્ધાત્મા જ છે. તે શુદ્ધાત્માની અનુભૂતિમાં આ નવતત્ત્વના ભેદનો અભાવ છે.

સર્વથા ભેદ નથી એમ નથી. ભેદ તો છે પણ અભેદ ની અનુભૂતિમાં તે ભેદ દેખાતા નથી. સર્વથા અભેદ થઈ જાય તો તો વીતરાગ થઈ જાય. પહેલાં જ્ઞાનમાં નક્કી કરે છે કે નવતત્ત્વના ભેદ છે પણ વસ્તુનો અનુભવ કરે ત્યારે તે ભેદ દેખાતા નથી. એક સ્વરૂપ ભગવાન આત્માની અનુભૂતિમાં પ્રમાણ, પ્રમેય, નય, નિક્ષેપ આદિ બધાં ભેદ ગૌણ થઈ જાય છે. પ્રથમ, દ્રવ્યાર્થિકનયથી જ્ઞાન કરતી વખતે દ્રવ્યને મુખ્ય કરે ત્યારે પર્યાય ગૌણ થઈ જાય છે અને પર્યાયનું જ્ઞાન કરે ત્યારે દ્રવ્યને જાણવાનું ગૌણ થઈ જાય છે એમ ક્રમસર દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનું જ્ઞાન કરે છે પણ અનુભવ કાળે તે બધાં ભેદ ગૌણ થઈ જાય છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપના વિકલ્પ પણ પર્યાયમાં છે. ભગવાનની સ્થાપનાનો શુભવિકલ્પ હોય. ધવલમાં તો પાઠ છે કે જિનબિંબદર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મોનો ભૂક્કો થઈ જાય છે. એ વાત વ્યવહારનયે સાચી છે પણ તે જાણવાલાયક છે, આદરવાલાયક નથી. ખરેખર તો પોતાના જિનબિંબનો આશ્રય કરે ત્યારે કર્મો નાશ પામે છે.

શ્રોતા :— પણ એવો વ્યવહાર તો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :— વ્યવહાર છે પણ વ્યવહારનો અર્થ શું? કે એમ કથનમાં આવે છે પણ વસ્તુનું સ્વરૂપ એવું છે નહિ. વ્યવહાર તો ઉપચારથી અન્યથા કહે છે તેને એમ જ માની લેવું એ તો મિથ્યાત્વ છે.

ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે કે વ્યવહારનું લક્ષણ જ એ છે કે તે એક દ્રવ્યના ભાવને અન્યદ્રવ્યનો ભાવ કહે છે, એકના કાર્યને બીજામાં ભેળવીને કહે છે તે માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહેવાય છે પણ એમ જ માની લે તો મિથ્યાત્વ છે. વ્યવહારના આશ્રયે કદી ધર્મ ન થાય.

ભગવાનની સ્થાપના છે, તેના પ્રત્યે શુભભાવ પણ હોય તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી. નામ, સ્થાપના, ભૂત-ભવિષ્યની યોગ્યતા અને વર્તમાન પ્રગટ પર્યાય આ ચાર ભેદ છે તે જ્ઞેય છે પણ ઉપાદેય નથી.

ભગવાન ચૈતન્યદેવ એકરૂપ સ્વભાવ છે તે ભૂતાર્થ છે તેનો આશ્રય કરતાં જે અનુભવ થાય તેમાં નય, નિક્ષેપ, પ્રમાણ આદિ બધાં ભેદ અભૂતાર્થ છે. તેનાથી આત્માનું સમ્યગ્દર્શન થતું નથી. અંતરમુખ દૃષ્ટિ કર્યા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. બહારમાં લક્ષ જાય છે તે તો શુભરાગ છે. આ બધું બરાબર નક્કી કરવું એટલે પછી ભૂલ ન થાય.

નય વિષયી છે અને નિક્ષેપ વિષય છે. નય નિક્ષેપને બરાબર જાણે છે કે આ નામ છે, આ સ્થાપના છે. આ દ્રવ્ય અને આ ભાવ છે તે જાણવાલાયક છે પણ અંતરમાં આદરવા લાયક નથી. શાસ્ત્રમાં આવે કે જાતિસ્મરણ, ભગવાનના દર્શન આદિથી સમ્યગ્દર્શન થાય છે પણ તે નિમિત્ત બતાવનારું કથન છે, સત્યાર્થ નથી.

શ્રી નિયમસારની ૫૦ મી ગાથામાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ચાર ભાવોને પણ પરદ્રવ્ય અને પરસ્વભાવ કહી દીધા છે. કેમ કે તે પર્યાય છે અને પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય પ્રગટતી નથી માટે એક દ્રવ્યસામાન્ય સ્વભાવ જ ઉપાદેય છે. આ ચારભાવ હેય છે તો ચારનિક્ષેપની શું વાત! એ તો હેય જ છે.

એક ચૈતન્ય દ્રવ્યસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન, તેના જ આશ્રયે ચારિત્ર, શુક્લધ્યાન અને તેના જ આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન આદિ પ્રગટ થતાં નથી.

દિવ્યધ્વનિ, સમવસરણ, ભગવાન, શાસ્ત્ર, સમ્મેદશિખર આદિ બધું પરદ્રવ્ય છે, તેના આશ્રયે તો શુદ્ધતા પ્રગટ થતી નથી પણ શુદ્ધતા જે સમ્યગ્દર્શન પર્યાય તેના આશ્રયે પણ નવી શુદ્ધતા પ્રગટ થતી નથી. માટે તેને પણ અહીં પરદ્રવ્ય કહી દીધી છે. શ્રી નિયમસારના શુદ્ધભાવ અધિકારની ૩૮ અને ૫૦ મી ગાથાની આ વાત છે. પણ જીવોને શાસ્ત્ર કહે છે તે સમજવું નથી અને પોતાનો ધોખો મૂકવો નથી.

એક સમયની પર્યાય જે ઉત્પાદ-વ્યય થાય છે તે પણ વ્યવહાર આત્મા છે. તે નિશ્ચય આત્મા નથી. માટે પર્યાયમાં જ જે એકાકાર થઈ જાય છે તે મૂઢ છે પણ પર્યાયને જાણીને જે દ્રવ્યમાં દૃષ્ટિ કરે-દ્રવ્યનો આશ્રય કરે તે જ્ઞાની છે. દ્રવ્યનો આશ્રય કરતાં જે શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે વ્યવહાર આત્મા છે. તેને અહીં હેય, પરદ્રવ્ય અને પરભાવ કહી છે. ગજબ વાત છે ને! સૂક્ષ્મ વાત છે ભાઈ! એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી આત્મા તે નિશ્ચય આત્મા છે.

પરના લક્ષે ઉત્પન્ન થયેલો રાગ તો નિશ્ચય આત્મા નથી પણ નિજ ચૈતન્ય સ્વભાવના લક્ષે ઉત્પન્ન થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ નિશ્ચય આત્મા નથી, વ્યવહાર આત્મા છે. કેમ કે તે ત્રિકાળ દ્રવ્યનો એક અંશ છે, આખું દ્રવ્ય નથી, માટે તે વ્યવહાર આત્મા છે, પણ નિશ્ચયથી તો તેને પરદ્રવ્ય કહી દીધી છે. જે કાયમ એકરૂપ રહે તેને જ નિશ્ચય-દ્રવ્ય કહેવાય છે. પર્યાય તો સમયે-સમયે પલટાયા કરે છે માટે તે નિશ્ચય-આત્મા નથી.

શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ અધિકાર અને બીજા અધિકાર બંનેની ૪૩ મી ગાથામાં લીધું છે કે ઉત્પાદ-વ્યય વિનાનો જે ધ્રુવ આત્મા છે તે જ વાસ્તવિક આત્મા છે. શ્રી નિયમસારના શુદ્ધભાવ અધિકારમાં પણ આ વાત આવે છે કે અનાદિ અનંત અમૂર્ત, અતીન્દ્રિય શુદ્ધ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. ત્રિકાળ ધ્રુવ જ વાસ્તવિક આત્મા છે. ઉત્પાદ-વ્યય તે વાસ્તવિક આત્મા નથી. તે પર્યાયરૂપ વ્યવહાર આત્મા છે. બહુ ઝીણી વાત છે. સમજ્યા વગર જવા દેવા જેવી વાત નથી. બરાબર પાકું કરવું જોઈએ ને!

એક સમયમાં જે ધ્રુવ છે તે વાસ્તવિક આત્મા છે અને પર્યાય તે વાસ્તવિક આત્મા નથી માટે તે અવાસ્તવિક આત્મા ઠર્યો. અવાસ્તવિક એટલે તે વ્યવહાર આત્મા થયો. આહાહા...! ગજબ વાત છે. સંતોની કથની દુનિયાને સાંભળવી કઠણ પડે એવી વાત છે. સિદ્ધદશા પણ એક સમયની પર્યાય છે માટે તે વ્યવહારનયનો વિષય થઈ ગયો અને ત્રિકાળ આત્મા તે વાસ્તવિક આત્મા છે તે નિશ્ચયનયનો વિષય છે.

પરની ક્રિયા તો ક્યાંય દૂર જડમાં રહી ગઈ, તે તો વ્યવહાર નથી, રાગ પણ વિકાર છે તે વ્યવહાર નથી તો વ્યવહાર આત્મા કોણ? કે એક સમયમાં ત્રિકાળ ધ્રુવ ચૈતન્યદ્રવ્યને સર્વજ્ઞભગવાન વાસ્તવિક આત્મા કહે છે અને તે આત્માના આશ્રયે જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાનાદિની પર્યાય પ્રગટ થાય છે તે વ્યવહાર આત્મા છે. એક સમયનો અંશ હોવાથી તેને વ્યવહાર કહ્યો છે. ત્રિકાળ ધ્રુવ એક જ ભૂતાર્થ છે અને તેના આશ્રયે પ્રગટેલી પર્યાય અભૂતાર્થ છે કેમ કે તે અનિત્ય છે તેથી જ ૫૦ મી ગાથામાં તેને હેય પરભાવ અને પરદ્રવ્ય કહી દીધી છે.

જુઓ, આ પરમાત્મપ્રકાશની ૪૩ મી ગાથા લઈએ, "જો કે પર્યાયાર્થિકનયથી જે ઉત્પાદ-વ્યય સહિત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ-વ્યય રહિત સદા ધ્રુવ અને અવિનાશી છે તે જ પોતાના પરમાત્માને તીર્થંકર દેવોએ નિર્વિકલ્પ સમાધિના બળે દેહમાં પણ જોઈ લીધો છે." દેહમાં દેહના સ્પર્શ વિના આત્મા રહે છે. અરે, દેહમાં

દેહના સ્પર્શ વિના તો શું પણ ઉત્પાદ-વ્યયના પણ સ્પર્શ વિના આત્મા સદા એકરૂપ રહે છે. ઉત્પાદ-વ્યય સાથે આત્માને ત્રિકાળ તાદાત્મ્ય સંબંધ નથી.

શ્રી પ્રવચનસારની ૧૭૨ ગાથામાં આચાર્યદેવ કહે છે કે પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. સ્વભાવના આશ્રયે પ્રગટેલી નિર્મળ મોક્ષમાર્ગ-સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રની પર્યાયને પણ દ્રવ્ય સ્પર્શતું નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ!

શુદ્ધ ચૈતન્ય ધ્રુવ વસ્તુ કે જેમાં જ્ઞાન, દર્શન, અકાર્યકારણ આદિ અનંતગુણ ભર્યા છે તેને સર્વજ્ઞપરમેશ્વરે વાસ્તવિક આત્મા કહ્યો છે. ભગવાને દેહથી અને ઉત્પાદ-વ્યયથી ભિન્ન સદા અવિનાશી આત્મા જોઈ લીધો છે. એવા જ નિજ આત્મદ્રવ્યની અંતરદૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. પ્રથમમાં પ્રથમ વાસ્તવિક ધર્મની શરૂઆત આ સમ્યગ્દર્શનથી જ થાય છે. તે સિવાય માથા ફોડીને મરી જાય, વ્રત, તપ, દાનાદિ ખૂબ કરે પણ તેનાથી ધર્મની શરૂઆત થતી નથી. ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ ધર્મ થાય તેમ નથી. ભગવાન આત્માને દૃષ્ટિમાં લેવાથી જ ધર્મ થાય, બીજો કોઈ ઉપાય નથી.

"મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેઈક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો."

એક સમયમાં અખંડાનંદ પૂર્ણ અનંત ગુણના પિંડ એવા ભગવાન આત્માની અંતરદૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન ત્રણકાળમાં કદી કોઈને થતું નથી. દ્રવ્ય તો અનાદિ અનંત ધ્રુવ છે કે—જેમાં અનંતા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. કેમ કે સિદ્ધ તે પર્યાય છે અને એવી અનંતી સિદ્ધ પર્યાય દ્રવ્યમાં રહેલી છે. એવા ભગવાન આત્માનો આશ્રય લઈને અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે તે સિવાય લાખ ક્રિયાકાંડ કરે અને ભગવાનના દર્શન-પૂજા કરવાથી ધર્મ માને તેને ધર્મ તો નથી પણ મહામિથ્યાત્વનું સેવન થાય છે અને એ જ મોટું પાપ છે. મિથ્યાત્વ સમાન મોટું બીજું કોઈ પાપ નથી.

રાગથી ધર્મ થાય... દયાથી ધર્મ થાય... હું પરની દયા પાળી શકું છું એવું માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ પાપી છે, મોટો પાપી છે. કેમ કે સાત વ્યસન પાપ છે પણ મિથ્યાત્વ તો તેના કરતાં અનંતગણું મોટું પાપ છે.

એકવાર પ્રશ્ન થયો હતો કે જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ? ભગવાન! સાંભળ તો ખરો જીવિત શરીર કહેવું કોને? આત્મા શરીર અને રાગમાં તો વ્યાપતો જ નથી. આત્મામાં તો 'સ્વધર્મવ્યાપક' નામનો ગુણ છે, તે પોતાના ધર્મોમાં જ વ્યાપે છે.

આજે તો દશલક્ષણનો આકિંચન ધર્મનો દિવસ છે ને! આકિંચન એટલે મારું

કાંઈ નથી. શરીર અને શરીરની ક્રિયા ખાવું-પીવું આદિ જડની ક્રિયા તો મારી નહિ. અંદરમાં રાગ આવે તે દયા, દાનાદિનો રાગ તો મારો નહિ પણ ઉત્પાદ-વ્યયની પર્યાય પણ મારી નથી. મારી હોય તો ત્રિકાળ રહેવી જોઈએ ને! એક સમય માટેનો વ્યવહાર છે પણ ત્રિકાળ નથી તેથી તો શ્રી સમયસારની ૧૧મી ગાથામાં અભૂતાર્થ કહી દીધો છે. આ ત્રિકાળની અપેક્ષાએ વાત છે. પર્યાય અપેક્ષાએ તો પર્યાય છે; નથી એમ નથી.

અરે, એને સત્યની ખબર ન મળે અને જ્યાં ને ત્યાં ધર્મ માની લે, તેમાં પોતાનું કલ્યાણ માની લે છે તે મરી જવાનો છે. પોતે હોય નિગોદના રસ્તે અને માની લે કે અમે કાંઈક ધર્મના રસ્તે છીએ તેની દશા શી થાય! શુભભાવ હો ભલે પણ તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય તે વાત ત્રણકાળમાં કદી બને નહિ.

એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. અનુભૂતિ પોતાના સ્વભાવના આશ્રયે જ થાય છે. સાક્ષાત્ ભગવાનના દર્શનથી કે દિવ્યધ્વનિ સાંભળવાથી સમ્યગ્દર્શન થતું નથી. સાંભળની વખતે જે મંદકષાય અને જ્ઞાનનો ક્ષયોપશમ હોય તેના આશ્રયે પણ સમ્યગ્દર્શન ન થાય. પોતાના દ્રવ્યસ્વભાવના આશ્રયે જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે આ બધાંને નિમિત્ત કહેવાય છે.

ભાઈ! જેવો સર્વજ્ઞદેવે તારો આત્મા જોયો અને કહ્યો એવો તે કદી માન્યો નથી. માન તો તો સમ્યગ્દર્શન થઈ જાય અને જન્મ-મરણનો અંત આવી જાય. ભલે ૯૬ હજાર સ્ત્રીના સંગમાં પડયો હોય એ તો ભોગની વાસના છે, તે રાગનો દોષ છે, પણ અંતરમાં રાગથી ભિન્ન અખંડાનંદ પ્રભુના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તો તેને બંધ છે જ નહિ. અહીં મિથ્યાત્વથી જે બંધ પડે છે એને જ બંધ કહ્યો છે તેથી એ બંધ સમ્યગ્દષ્ટિને હોતો નથી.

રાગને મંદ તો કરવો પડે ને! એમ માને છે. પણ એ પણ કર્તાબુદ્ધિ છે અને કર્તાબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ બીજાની તો હિંસા કરે કે ન કરે પણ પોતાનું જ ખૂન કરી રહ્યો છે.

અહીં તો જરાં સૂક્ષ્મ વાત ચાલે છે. ઉત્પાદ-વ્યયની પર્યાય છે તે વ્યવહાર આત્મા છે અને દ્રવ્ય તે નિશ્ચય આત્મા છે. તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટ થઈ તે પણ એક સમયની પર્યાય છે, માટે વ્યવહારનયનો વિષય છે. તો પછી દયા-દાનાદિના વિકલ્પની તો વાત જ શી કરવી—એ તો રાગ-આસ્રવતત્ત્વ છે.

આ જ પરમ સત્ય છે. ત્રણકાળ ત્રણલોકમાં બીજું કાંઈ સત્ય હોય શકે જ નહિ. આ જ સત્ય છે. અંદર ભગવાન આત્મામાં ડોકિયું મારવું પડશે. અંતરમાં

વારંવાર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થશે. દયા-દાનાદિથી સમ્યગ્દર્શન કદી પ્રગટ થતું નથી. પોતાના ભગવાન આત્માના આશ્રય સિવાય સામે સાક્ષાત્ તીર્થંકર હો તેનો આશ્રય લે તો પણ સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. જ્યાં આવી વસ્તુસ્થિતિ છે ત્યાં પરદ્રવ્યમાં હું કાંઈ ફેરફાર કરું, પરને હું સંસ્કાર પાડું, પરમાં સુધાર કરી દઉં તો મને લાભ થાય એ વાત તો બહુ દૂર રહી જાય છે. એવી માન્યતા તે તો બહુ સ્થૂળ મિથ્યાત્વ છે.

અરે, રાગના વિકલ્પથી મને લાભ થશે એવી તારી દૃષ્ટિ છે તો તું પાપી, મિથ્યાદૃષ્ટિ, જૂઠી દૃષ્ટિવાળો છો. એ તો ઠીક પણ પર્યાયના આશ્રયે લાભ માને છો તો તું પર્યાયમૂઢ છો. ક્ષયોપશમ દર્શન, ક્ષયોપશમ જ્ઞાન અને ક્ષયોપશમ વીર્યના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માગે છે તે પણ પર્યાયમૂઢ-મિથ્યાદૃષ્ટિ છે. કેવળજ્ઞાન છે તે ભાવનિક્ષેપ છે તેના આશ્રયે પણ જ્ઞાન પ્રગટ ન થાય કેમ કે એ પણ પર્યાય છે ને! પર્યાયમાં બીજી પર્યાય ક્યાં છે કે તેમાંથી પર્યાય પ્રગટ થાય? અનંતી શુદ્ધ પર્યાય ત્રિકાળી દ્રવ્યમાં ભરી પડી છે માટે ત્રિકાળી દ્રવ્યસ્વભાવની રુચિ અને અનુભવ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

આ રીતે આ નવ તત્ત્વ, પ્રમાણ, નય અને નિક્ષેપમાં ભૂતાર્થરૂપથી એક જીવ જ પ્રકાશમાન છે. એકલો સત્ ચિદાનંદ પ્રભુ બિરાજમાન છે તે જ સત્ છે બાકી બધું અસત્ય છે.

આ નય, નિક્ષેપ, પ્રમાણ આદિનો વિસ્તાર તદ્‌વિષયક ગ્રંથોમાંથી જાણવો. કેમ કે તેને જાણવાથી દ્રવ્ય, પર્યાયનો બોધ થાય છે. બોધ થાય છે એટલે યથાર્થ બોધની વાત નથી પણ સામાન્ય જ્ઞાન થાય છે અને તે પ્રથમ અવસ્થામાં જાણવું જરૂરી છે. કેમ કે નય, નિક્ષેપ, પ્રમાણથી વસ્તુની સિદ્ધિ કર્યા વગર પોતાની કલ્પનાથી વસ્તુને સાધવા જાય તો વિપરીતતા થઈ જાય. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીત છે.

પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાન-શ્રદ્ધાનની સિદ્ધિ કરવી. એટલે પ્રમાણથી, કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે એવી પર્યાયને પેલા વિકલ્પથી નક્કી કરવી. મતિ શ્રુતની પર્યાય પરોક્ષજ્ઞાન છે; અવધિ, મનઃ-પર્યય એકદેશ પ્રત્યક્ષ છે, એમ બરાબર વિકલ્પથી નક્કી કરવું પછી તેને છોડીને એકલા જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. આ ધર્મની પ્રથમ સીડી છે તેના વગર ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થતો નથી.

[ અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૧૭ ]

# અનુભવમાં તો પર્યાયની જ મુખ્યતા

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામી નિજ આત્મદ્રવ્યનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહીને નથી એમ કહ્યું છે. પરંતુ ગૌણ કહેતાં કાંઈ પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે, પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. લક્ષની અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી છે તો પર્યાયની જ મુખ્યતા, કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્યનું લક્ષ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય છે એ જ મુખ્ય છે. વેદનમાં આવે એ જ મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કહ્યું પણ જે વેદન આવ્યું એ વેદનને તું ગૌણ ન કરીશ. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ જ મુખ્ય છે. પર્યાયસ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. ત્રિકાળીનું વેદન હોતું નથી માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૨૦૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વિશિષ્ટ પ્રવચન ]

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. અપરિણામી એટલે ધ્રુવ, પર્યાય વિનાનું કૂટસ્થ તેનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. ત્યાં અપરિણામી એટલે શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજ આત્મા છે. અપરિણામીનું જોર આપતાં શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કહી. પરંતુ કોઈ એમ લઈ લે કે પર્યાય જૂઠી જ છે તો એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ એટલે કે નથી એમ કહ્યું છે, ને ત્રિકાળીને મુખ્ય કરી નિશ્ચય કહી તે ભૂતાર્થ એટલે કે 'છે' એમ કહ્યું છે.

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. નહીં પલટતો, નહીં બદલતો, પર્યાયપણે નહીં થતો એવો જે ભગવાન આત્મા તેનો આશ્રય કરવો એ જ સમ્યગ્દર્શન છે. તેથી શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં ત્રિકાળીને 'છે' એમ કહ્યું છે ને પર્યાયને નથી એમ કહ્યું છે. ધ્રુવને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને અભૂતાર્થ કહી છે. અભૂતાર્થ એટલે નથી, કઈ અપેક્ષાએ નથી?—કે ત્રિકાળીનું લક્ષ કરવા માટે પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી, નથી એમ કહ્યું છે.

શ્રી સમયસાર ગાથા છ માં કહ્યું કે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયમાં છે, નથી એમ નહીં. ૧૪ મી ગાથામાં પણ પર્યાયનું અસ્તિત્વ છે—એમ કહ્યું છે. વેદાંતની માફક પર્યાય નથી એમ નથી. પર્યાય છે પણ તે પર્યાયને ગૌણ કરીને અભાવ બતાવીને ભાવવાળા ત્રિકાળી તત્ત્વની નજર કરાવવી છે અને એના પર નજર થતાં સમ્યગ્દર્શન થતાં ત્યાં પરમ આનંદનો અનુભવ થાય. પર્યાયદૃષ્ટિથી દુઃખ થાય. પર્યાય છે ખરી પણ તેના આશ્રયે દુઃખી થાય અને તે તો અનાદિથી પર્યાયના આશ્રયે દુઃખી થઈ રહ્યો જ છે. તેથી તેને ગૌણ કરીને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે.

ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી. આત્મદ્રવ્ય પ્રમાણની અપેક્ષાએ માત્ર અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી, પલટતો ને બદલતો છે. અપરિણામી ધ્રુવ તરીકે છે અને એનો નિર્ણય કરનાર અનિત્ય છે. અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય નહીં બદલતા ત્રિકાળીનો નિર્ણય કરે છે. અપરિણામીની હયાતીનો નિર્ણય અપરિણામી નથી કરતો. કૂટસ્થ, ધ્રુવ, અપરિણામી છે—એવો નિર્ણય પર્યાય કરે છે અને છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી કે ધ્રુવ એ પર્યાયમાં આવતું નથી.

પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે—એમ નથી. પ્રમાણ અપેક્ષાએ ભગવાન આત્મા અપરિણામી તેમ જ પરિણામી પણ છે. ભગવાન આત્મા નહીં બદલતો તેમ જ બદલતો પણ છે. બદલતો જ નહીં બદલતાનો નિર્ણય કરે છે. અપરિણામીનું આટલું બધું જોર દેવા છતાં એનો નિર્ણય કરનારી પર્યાય છે; પર્યાય છે, નથી એમ નથી.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય અપરિણામી તેમ જ પરિણામી છે પણ અપરિણામી

ઉપર દૃષ્ટિ હોતાં એટલે કે નહીં બદલતાં નિત્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ હોતાં પરિણામ ગૌણ થઈ જાય છે. નિર્ણય તો પર્યાયમાં જ થાય છે પણ પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે તેથી નિર્ણય કરનારી પર્યાય ગૌણ રહે છે એટલે કે પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળીની જ આવે છે. પર્યાય ગૌણપણે રહે છે. ગૌણપણે કહેતાં વર્તમાન પર્યાય પણ છે અને એ પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. અનિત્ય એ નિત્યને જાણે છે, નિત્ય છે તે નિત્યને જાણતું નથી. જાણનાર પર્યાય પોતે અનિત્ય છે, એ નિર્ણય કરે છતાં તેને નથી એમ કહીને ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરાવ્યો છે. જો પર્યાય નથી જ તો નિર્ણય કરનાર જ નથી અને તો જેનો નિર્ણય કરવો છે એ વસ્તુ પણ નથી.

કોઈ એકાંત તાણી ન જાય, તેથી અહીં આ વાત લીધી છે. પ્રમાણમાં તો દ્રવ્ય ને પર્યાય બન્ને આવે છે, ત્યારે તો વીતરાગતા થાય છે. પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે અને તેથી પર્યાયમાં વીતરાગતા આવે છે. તેથી પ્રમાણમાં ત્રિકાળી વીતરાગતા આવી ને તેનો નિર્ણય કરનારી વીતરાગી પર્યાય પણ આવી. વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે. છતાં એ વીતરાગી વર્તમાન પર્યાય ત્રિકાળી વીતરાગતામાં આવી જતી નથી, અપરિણામીનો નિર્ણય કરવા છતાં એ પર્યાય અપરિણામીરૂપે થતી નથી. પર્યાયમાં તો પર્યાયની જ ધ્રુવતા આવે છે અને એ ધ્રુવતા ત્રિકાળી ધ્રુવના લક્ષે આવી છે છતાં ધ્રુવમાંથી આવી નથી; પર્યાય સ્વતંત્ર છે, કેમ કે ધ્રુવ એકરૂપ છે અને જો તેમાંથી પર્યાય આવતી એકાંત કહીએ તો પર્યાય એક સરખી આવવી જોઈએ, પણ મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ હોતી નથી, શુદ્ધિ થાય છે, ટકે છે, વધે છે—એમ અનેકરૂપ અવસ્થા થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ હોતાં પરિણામ ગૌણ થઈ જાય છે. પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં કહ્યું કે એકરૂપ ધ્રુવ છે તેને સ્પર્શ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ ને વીતરાગતાનું વેદન થાય છે. ત્રિકાળી ધ્રુવને સ્પર્શ્યા વિના ધ્રુવને સાથે ભેગું લીધા વિના એકલી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે; ત્રિકાળીને સ્પર્શ્યા વિના, તેનું આલંબન લીધા વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ હોતાં પર્યાય ગૌણ થતાં વીતરાગતા પ્રગટ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં વીતરાગતા થાય છે. ભગવાન આત્મા ભગવાન સ્વરૂપે હોવા છતાં તેનું આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે.

અહીં બેનું બેપણું રાખવું છે. બેનું બેપણું રાખે ત્યારે બેનું પ્રમાણજ્ઞાન થાય છે. બેમાંથી એકને મુખ્ય ને એકને ગૌણ કરવા જાય તો પ્રમાણજ્ઞાન રહેતું નથી. જે પર્યાય વીતરાગરૂપ થાય છે તે વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. વીતરાગી પર્યાય વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે. પર્યાય સ્વતંત્ર સત્ છે. જો એ પર્યાય દ્રવ્યના આશ્રયે એકાંત ઉત્પન્ન થાય તો વસ્તુ વીતરાગ સ્વરૂપ એકરૂપ છે તો પર્યાયમાં પણ એક પ્રકારની જ વીતરાગતા આવવી જોઈએ, પણ પર્યાય સ્વતંત્ર છે, એ પરિણામી હોવા છતાં ને ત્રિકાળી વીતરાગીનો આશ્રય લેવા છતાં તેના અવલંબન વિના એ પર્યાય વીતરાગ સ્વરૂપે પરિણમે છે.

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે, છતાં ધ્રુવને તે પર્યાય અવલંબતી નથી. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગી પર્યાય આવે છે.

વીતરાગી પર્યાય 'ત્રિકાળી વીતરાગ આ છે' એમ નિર્ણય કરે છે અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કહ્યું તેનો અર્થ તેના ઉપર લક્ષ ન રાખવું, લક્ષ ધ્રુવ ઉપર રાખવું, પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. ષટ્કારકનું પરિણમન ઊભું કરીને એ પર્યાય ત્રિકાળી ધ્રુવ વીતરાગતાને જાણે છે એ દ્રવ્યને લઈને નથી, પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા થઈને ફક્ત ધ્રુવ ઉપર લક્ષ કરે છે એવું જ પર્યાયના કર્તાપણાનું સ્વરૂપ છે. વીતરાગી દ્રવ્યનું લક્ષે કર્યું માટે દ્રવ્ય કર્તા છે ને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન છે—એમ નથી.

આત્મા જ પોતે એવો છે કે પરમાત્માનું તો નહીં પણ ત્રિકાળીના પણ અવલંબન વિના વીતરાગપણાના આનંદને અનુભવે છે. પરિણામ ગૌણ થઈ જાય એટલે પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી, પર્યાયનો કાંઈ અભાવ થઈ જતો નથી, ભાવરૂપે જ રહે છે. છતાં ગૌણ કેમ કહ્યું?—કે લક્ષ મુખ્ય ધ્રુવ ઉપર છે માટે ગૌણ કહ્યું, બાકી છે તો પર્યાયની મુખ્યતા, કેમ કે નિર્ણય કરનાર પોતે જ છે, ત્રિકાળી નિત્યાનંદના નાથનો નિર્ણય કરનાર પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી થકી ત્રિકાળીનું લક્ષ રાખવા છતાં પરાધીન થઈ નથી, પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકપણે ઉત્પન્ન થાય છે. ગૌણ

થાય છે કહ્યું છતાં એ વીતરાગી પર્યાય નિરપેક્ષ છે. વીતરાગી સ્વભાવનો નિર્ણય કરવા છતાં ને અનુભવમાં એ આવવા છતાં દ્રવ્ય પર્યાયમાં આવતું નથી ને પર્યાય દ્રવ્યમાં જતી નથી, પર્યાય તો પર્યાયપણે રહીને દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યાં પર્યાય ઉપર લક્ષ નથી તે અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી તો પર્યાય મુખ્ય જ છે અનુભવમાં; અનુભવમાં દ્રવ્ય નથી.

પર્યાયને ગૌણ કહી છતાં પર્યાયની જ મુખ્યતા છે. ગૌણ એટલે એનું લક્ષ દ્રવ્ય તરફ રાખવું, પર્યાય તરફ ન રાખવું. છતાં વલણ કરનારી પર્યાય દ્રવ્યની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ સ્વતંત્રપણે પોતે કર્તા થઈને વીતરાગી આનંદના કાર્યને પોતે અનુભવે છે. કર્તા પરિણામીના પરિણામ થયા તે જ મુખ્ય છે. ત્રણ લોકના નાથ પૂર્ણાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે. ગૌણ કરી એમ કહ્યું છતાં તેને અહીં મુખ્ય કરે છે કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે માટે અનુભવ ગૌણ ન કરવો, એ મુખ્ય છે. ત્રિકાળી ચીજ છે એ ધ્રુવ છે, એનું વેદન નથી. ધ્રુવની તરફ સ્વતંત્રપણે લક્ષ કરીને વીતરાગી આનંદ અનુભવે છે તે પર્યાય છે, તે જ મુખ્ય છે. વીતરાગી આનંદનો અનુભવ એ જ મુખ્ય છે.

ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી, અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગી તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે—એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું, પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હો! એ તો લક્ષ કરાવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું, પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.

વીતરાગ સ્વરૂપ ભગવાનને જેણે અનુભવ્યો તેને વીતરાગી આનંદ સમયે સમયે થયા જ કરે છે. પર્યાય સ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે, એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત નથી કે તેને ગૌણ કરે. વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય પર્યાયને ગૌણ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી, માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

—o—

નિશ્ચયનયનું કથન :

## રાગ પરિણામનો કર્તા આત્મા

જેમ સ્વભાવ સત્ છે તેમ રાગ છે તે પણ ઉત્પાદપણે સત્ છે. રાગપરિણામ પોતાની પર્યાયમાં છે માટે આત્મા તેનો કર્તા છે. નિશ્ચયનયે આત્મા રાગપરિણામનો કર્તા છે. કેમ કે પોતાની પર્યાયમાં રાગ થાય છે. એ રાગનો કર્તા જડકર્મ નથી પણ આત્મા તેનો કર્તા છે. રાગ પોતાથી પોતાની પર્યાયમાં છે એમ જાણીને સ્વદ્રવ્યના આશ્રયે રાગ છોડવો. રાગનો કર્તા પોતે છે ને રાગનો છોડનારો પણ પોતે છે એમ જાણીને ત્રિકાળીના અવલંબને રાગને ટાળી શકાય છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા-૧૮૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છે :—

—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો,
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

રાગપરિણામ જ આત્માનું કર્મ છે. કેમ કે પોતાની પર્યાયમાં જડકર્મનો તો અભાવ છે. આત્માનું કર્મ-કાર્ય શું ?—કે રાગપરિણામ એ આત્માનું કાર્ય છે. જડકર્મ એ આત્માનું કાર્ય નથી. રાગ છે તે ઉત્પાદપણે સત્ છે. જેમ સ્વભાવ સત્ છે તેમ વિકાર પણ પર્યાયમાં સત્ છે. કર્મને લઇને રાગ છે એમ નથી. દયા-દાન-વ્રત-ભક્તિ -હિંસા-જૂઠું આદિના પરિણામ રાગ છે તે આત્માનું કાર્ય છે. અનંતાનુબંધી-અવ્રત -કષાય ને યોગ—એ ચારે પ્રકારનો રાગ મિથ્યાદષ્ટિને છે. અવિરતિ સમ્યગ્દષ્ટિને અનંતાનુબંધી સિવાયનો રાગ હોય છે.

દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે સત્ છે. તેથી જ્યાં સુધી રાગ પર્યાયમાં છે તે સત્ છે. તેને ટાળવો છે એ વાત જુદી છે, પણ પર્યાયમાં રાગ છે. સ્ત્રી-પુત્ર-પૈસાદિ તો પર્યાયમાં પણ નથી. દૃષ્ટિના વિષયમાં તો રાગનો કર્તા માને તે મિથ્યાદૃષ્ટિ છે, પણ જ્ઞાનના વિષયમાં પર્યાયમાં રાગ છે એમ જાણવું એ સાચું જ્ઞાન છે. સમ્યગ્દર્શન થયા પછી સર્વથા રાગ

છે જ નહીં એમ જ્ઞાનમાં જાણે તો તે મિથ્યાદષ્ટિ છે. રાગ પોતાનો છે નહીં, પણ એ કઈ અપેક્ષાએ?—કે દ્રવ્ય-ગુણમાં નથી એ અપેક્ષાએ રાગ પોતાનો નથી. પર્યાયમાં રાગ છે, રાગ છે તે સત્ છે, પોતાથી છે, કર્મને લઈને નથી એમ જાણે ને જ્ઞાન-પ્રધાનપણે માને ને કથનમાં પણ એમ આવે.

દ્રવ્યની દૃષ્ટિ કરતાં દ્રવ્ય-ગુણમાં રાગ નથી તેથી રાગ પોતાનો નથી. પરંતુ પર્યાયમાં તો રાગનો અંશ દસમા ગુણસ્થાન સુધી રહે છે. પર્યાયમાં રાગ છે. રાગનો કર્તા માને તે મિથ્યાત્વ—એ તો દૃષ્ટિના વિષયની વાત છે. પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાન જાણે છે કે રાગ મારી પર્યાયમાં છે. રાગપરિણામ આત્માનું જ કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રાગ છે નહીં તેથી દ્રવ્ય ગુણ ને દૃષ્ટિ અપેક્ષાએ રાગનો કર્તા માનવું તે મિથ્યાત્વ છે, પણ જ્ઞાનપ્રધાનતાથી પર્યાયમાં રાગપરિણામ આત્માનું જ કાર્ય છે. કેમકે જડકર્મ કે નોકર્મ એ આત્માનું કર્મ નથી, અજીવનું કાર્ય છે.

જો પોતાના અસ્તિત્વમાં રાગ છે એમ જાણે તો દ્રવ્ય-ગુણના આશ્રયે રાગને છોડે. જો રાગ છે જ નહીં તેમ જાણે તો તેને ક્યારે છોડે?—ને સ્ત્રી-પુત્ર-પૈસાદિ તો પર્યાયમાં છે જ નહીં તેને શું છોડવા? જ્યાંસુધી રાગ છે ત્યાંસુધી તે પોતાની પર્યાયમાં છે ને તે પોતાનું કાર્ય છે એમ જાણે તો દ્રવ્યસ્વભાવના આશ્રયે રાગને છોડશે. નિશ્ચયથી તો રાગ છે તે પર્યાયના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, રાગનો કર્તા રાગ છે.

આમ કોણે કોને કહ્યું છે? કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અનંત અર્હંતદેવો થઈ ગયા તેમણે યતિઓને—અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા પ્રગટ થઈ છે એવા ગણધરોને કહ્યું છે. સમ્યગ્દષ્ટિને પર્યાયમાં રાગ છે, રાગ છે તે દુઃખ છે, દુઃખનો-રાગનો અનુભવ પણ છે. રાગપરિણામ આત્માનું જ કાર્ય છે એમ અર્હંતદેવોએ કહ્યું છે. તેથી રાગ કર્મથી થાય છે એ વાતનો નિષેધ થયો ને સમ્યગ્દર્શન થતાં રાગનું વેદન જ નથી એ વાતનો પણ નિષેધ થયો. સમ્યગ્દષ્ટિને શુદ્ધાત્માની દૃષ્ટિ થતાં પવિત્રતા પ્રગટ થઈ છતાં પર્યાયમાં હજુ રાગ બાકી છે અને તે આત્માનું કાર્ય છે.

આત્માની પર્યાયમાં જે રાગ છે, તે આત્માનું કાર્ય છે, જડકર્મનું નથી. રાગ-પુણ્યપાપના પરિણામ છે તે પર્યાયના ષટ્કારકથી છે, તેને જડકર્મની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી-એમ પંચાસ્તિકાયની ૬૨ મી ગાથામાં કહ્યું છે. પ્રભુ તો આનંદસ્વરૂપ છે જ પણ પર્યાયમાં જે રાગ છે તેને અહીં આત્માનું કાર્ય છે તેમ કહ્યું છે.

એ રાગના બે પ્રકાર છે; શુભરાગ ને અશુભ રાગ. રાગ એ આત્માનું કાર્ય છે

-એમ જાણીને દ્રવ્ય-ગુણનો આશ્રય લઈને તેને ટાળે. સ્ત્રી-પુત્ર-પૈસાદિ બાહ્યપદાર્થ તો પર્યાયમાં પણ છે નહીં, તો તેનો ત્યાગ કરું એમ માને એ તો મિથ્યાદ્દષ્ટિ છે, કેમ કે જે પોતાની પર્યાયમાં પણ નથી એનો ત્યાગ શું કરવો? શુભરાગ ને અશુભરાગ પર્યાયમાં છે. તે રાગનો કર્તા આત્મા જ છે, પરદ્રવ્ય તેનો કર્તા છે નહીં.

સર્વજ્ઞએ ગણધરોને આમ કહ્યું છે. કોને કહ્યું છે?—કે ગણધરોને કહ્યું છે અને તું એમ માની બેસે કે રાગ કર્મથી થાય છે તો ભગવાનની વાણીને તું જૂઠી કહે છે, ગણધરોએ જે સાંભળ્યું તેને જૂઠું કહે છે ને ગણધરોએ શાસ્ત્રની રચના કરી તેને તું જૂઠી કહે છે. અર્હંતદેવોએ ગણધરોને એમ કહ્યું કે રાગપરિણામ છે એ આત્માનું કર્મ છે ને આત્મા તેનો કર્તા છે. તેથી રાગનો ગ્રહનાર ને છોડનાર આત્મા છે પણ પરપદાર્થનો ગ્રહનાર કે છોડનાર આત્મા છે જ નહીં. રાગ તારી પર્યાયમાં છે એમ જાણીને દ્રવ્યના આશ્રયે રાગને છોડવો એમ કહેવું છે. પૈસાદિને તો પર્યાયમાં પણ ગ્રહણ કર્યા નથી તેથી તેનું ત્યાગ કરવાપણું રહેતું નથી પરંતુ પૈસા મારા છે એવો જે રાગ કર્યો તેનો ગ્રહણ કરનારો આત્મા છે ને તે રાગનો ત્યાગ કરનારો આત્મા છે.

કર્મ જાય તો રાગ ટળે એમ છે જ નહીં. પર્યાયમાં રાગને આત્માએ ગ્રહણ કર્યો છે તો તેનો ત્યાગ કરનારો આત્મા જ છે, જોકે સમયસારની ૩૪ મી ગાથામાં રાગનો ત્યાગ એ નામમાત્ર કથન છે એમ કહ્યું છે. કેમકે દ્રવ્યનો આશ્રય કર્યો ત્યાં પર્યાયમાં રાગ રહ્યો જ નહીં, થયો જ નહીં, તેથી તેનો ત્યાગ કર્યો એ તો કથનમાત્ર છે. જ્ઞાયકસ્વરૂપનો આશ્રય લેતાં પહેલાં જે પર્યાયમાં રાગ ઉત્પન્ન થતો હતો તે ઉત્પન્ન થતો જ નથી તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે તેમ કહ્યું.

આ શુદ્ધદ્રવ્યના નિરુપણસ્વરૂપ નિશ્ચય છે. નિશ્ચયનય સ્વ-આશ્રિત પરિણામો પોતાના છે એમ બતાવે છે, તેથી તેને શુદ્ધદ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. પોતાની પર્યાય પોતાથી છે એમ નિશ્ચયનય બતાવે છે તેથી તેને શુદ્ધદ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. શુદ્ધદ્રવ્યનું કથન કહેનારનો અર્થ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નહીં પણ પોતાના પરિણામને પોતાના કહેતો હોવાથી શુદ્ધદ્રવ્યને કહેનાર નિશ્ચયનય છે એમ કહ્યું છે.

પુદ્ગલના પરિણામને આત્માનું કર્મ છે એમ કહેવું તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણ સ્વરૂપ વ્યવહારનય છે. જડકર્મની પર્યાય આત્માનું કાર્ય છે અર્થાત્ આત્માએ રાગ કર્યો માટે જડકર્મ બંધાયા તેથી આત્મા પુદ્ગલકર્મનો કર્તા છે, પુદ્ગલપરિણામ આત્માનું કર્મ છે અને આત્મા પુદ્ગલપરિણામનો ગ્રહનારો ને છોડનારો છે, આવો જે નય છે તે અશુદ્ધદ્રવ્યનિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.

રાગનો ગ્રહણ કરનારો પણ આત્મા ને છોડનારો પણ આત્મા છે. પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કરનારો આત્મા નથી, એમ અહીં કહે છે. તેને અહીં શુદ્ધદ્રવ્યનું કથન કહ્યું છે. પોતાની પર્યાયમાં રાગ છે એ પોતાનું કાર્ય છે, પર્યાયનું છે, પણ અહીં તેને શુદ્ધદ્રવ્યનું કથન કહ્યું છે. અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

શુદ્ધપણે અને અશુદ્ધપણે બંને પ્રકારે દ્રવ્યની પ્રતીતિ કરાય છે. સમયસારમાં એમ કહ્યું કે ભગવાન પ્રભુ પોતાના જ્ઞાનની પર્યાયમાં અવલોકનમાં આવ્યો ત્યાં આત્મા કર્તા ને નિર્મળ પર્યાય કાર્ય; પણ ત્યાં દ્રષ્ટિપ્રધાન કથન છે અને અહીં જ્ઞાનપ્રધાન છે. દ્રષ્ટિ છે તે નિર્વિકલ્પ છે તેથી તેનો વિષય નિર્વિકલ્પ પ્રભુ છે ને જ્ઞાન છે તે સવિકલ્પ અર્થાત્ સ્વપરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવો એનો સ્વભાવ છે. અહીં કહે છે કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બંને પ્રકારે દ્રવ્યની પ્રતીત કરાય છે. પરંતુ નિશ્ચયનય સાધકતમ-ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પુણ્ય-પાપનો આત્મા કર્તા-ભોક્તા છે ને સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાના છે એ અપેક્ષાએ શુદ્ધનય છે ને તે ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પરદ્રવ્યનો કર્તા-એવો જે વ્યવહારનય તે બાધક છે ને પોતાના પરિણામનો-મલિન પરિણામનો કર્તા આત્મા છે એવો જે નિશ્ચયનય તે સાધકતમ છે.

પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે એ શુદ્ધનયનું કથન છે ને આત્મા પરની-કર્મની પર્યાયનો કર્તા છે એ વ્યવહારનયનું કથન છે-એ બંનેનું જ્ઞાન હોવું જોઈએ. પરંતુ નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવા લાયક છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી, એટલે કે નિશ્ચયનય ઉપાદેય છે ને વ્યવહારનય હેય છે.

પ્રશ્ન:—દ્રવ્યસામાન્યનું અવલંબન જ ઉપાદેય છે ને અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો? સમયસારની ૧૧ મી ગાથામાં ત્રિકાળી ભૂતાર્થને ઉપાદેય કહ્યો ને અહીં આ વાત કેમ કહી?-એમ વિશેષ સમજવા માટે આશંકા કરે છે. ત્રિકાળી પૂર્ણાનંદના નાથને ઉપાદેય કહ્યો છે ને અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો?

ઉત્તર:—રાગપરિણામનો કરનાર પણ આત્મા છે. દયા-દાન-વ્રત આદિ રાગ-પરિણામનો પણ કર્તા આત્મા છે ને રાગને છોડીને નિર્મળ વીતરાગ પર્યાયનો કર્તા પણ આત્મા છે. અજ્ઞાનદશામાં પણ આત્મા અજ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે અને જ્ઞાનદશા પણ આત્મા જ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે. આવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન

ગર્ભિતપણે આવી જાય છે. આત્મા રાગનો કર્તા-ભોક્તા છે, એવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય-સામાન્યનું શ્રદ્ધા જ્ઞાન ગર્ભિત આવી ગયું છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. જો ત્રિકાળીના શ્રદ્ધા-જ્ઞાન નથી તો તેને પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી. ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાન વિના પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી.

તેથી અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય-સામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

—o—

[ દેવનું સ્વરૂપ......પેઈજ ૭ થી ચાલુ ]

જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણ આદિની કાંઈ જરૂર નથી. પણ હવે બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ દ્વેષ-મોહના સર્વથા અભાવરૂપ યથાખ્યાતચારિત્ર પ્રગટે છે. પ્રમાણાદિ વડે જાણ્યું કે દ્રવ્યના આશ્રયે જ લાભ છે—એવી દૃષ્ટિ તો થઈ ગઈ પણ તેનું વિશેષ જ્ઞાન કરવાથી રાગ-દ્વેષ-મોહનો અભાવ થઈને યથાખ્યાતચારિત્ર અને તેથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી.

તે પછી ત્રીજી સાક્ષાત સિદ્ધ અવસ્થા છે. ત્યાં પણ પ્રમાણ આદિનું આલંબન રહેતું નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.

ટૂંકામાં કહીએ તો પહેલાં પ્રમાણથી દ્રવ્ય, પર્યાયને યથાર્થ જેમ છે તેમ નક્કી કરવા. નયથી એક એક ધર્મ અથવા ગુણ અને પર્યાયને નક્કી કરવા અને નિક્ષેપથી નામ, સ્થાપના, યોગ્યતા અને ભાવ શું છે તે નક્કી કરવું અને નક્કી કર્યા પછી તેનું લક્ષ છોડી દેવું અને પોતાના ચૈતન્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ કરવું. પછી નય, નિક્ષેપ આદિની શ્રદ્ધા-જ્ઞાનમાં જરૂર નથી. ચારિત્ર પણ સ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે, રાગના આશ્રયે ચારિત્ર પ્રગટ થતું નથી. તેમ જ સંહનન અને શરીર મજબૂત હોય તો ચારિત્ર થાય એમ નથી. એમ નક્કી કરીને ચારિત્ર પ્રગટ કરવું, પછી કેવળજ્ઞાન અને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યાં પણ પ્રમાણ, નય, નિક્ષેપ આદિનું કાંઈ આલંબન નથી, પૂર્ણ નિરાલંબી કૃતકૃત્યદશા છે.

પંચમઆરાના પ્રતિબુદ્ધ શ્રોતાનો પડકાર :

# મૂળથી ઉખેડી નાખેલા મોહનો અંકુર ફરી નહીં ઊપજે

શ્રી સમયસારમાં જીવ-અજીવ અધિકારમાં શ્રી કુંદકુંદ-આચાર્યદેવ અહીં ૩૮ મી ગાથા કહીને જીવ-અધિકાર પૂરો કરે છે. તેથી જીવનો જેટલો અધિકાર હતો તે પ્રગટ બતાવતા કહે છે કે અમને જે અનંત-સંસારરૂપ મિથ્યાત્વ–મોહ હતો તેને મૂળમાંથી ઉખેડી નાખ્યો હોવાથી ફરી ઉત્પન્ન થનાર નથી. અમને તો ઠીક પણ અમે જે અપ્રતિબુદ્ધ શ્રોતાને આ સમજાવ્યું છે એ અપ્રતિબુદ્ધ શ્રોતા પણ પ્રતિબુદ્ધ થતાં–સમ્યગ્દષ્ટિ થતાં તેને પણ મિથ્યાત્વ ગયું તે ગયું, ફરીથી તેનો અંકુર ઊપજવાનો નથી! આહાહા! શ્રોતા પણ કેવો લીધો!—કે અજ્ઞાની શ્રોતા હતો પણ ગુરુએ કહેલા ઉપદેશનું વારંવાર ઘોલન–મંથન–વિચાર કરીને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ્ઞાયકસ્વભાવને પ્રગટ કરીને મોહને મૂળથી ઉખેડી નાખે છે. તેવા શ્રોતાને અહીં શ્રોતા તરીકે લીધો છે ને એ શ્રોતા કહે છે કે પ્રતાપવંત વર્તતા એવા અમને પરદ્રવ્યો ભાવકપણે કે જ્ઞેયપણે અમારી સાથે એક થઈને અમને ફરી મોહ ઉત્પન્ન કરી શકે તેમ નથી, કેમ કે એ મોહને અમે મૂળથી ઉખેડી નાખ્યો હોવાથી મહાન જ્ઞાનપ્રકાશ અમને પ્રગટ થયો છે. અમારો અધિકાર—જીવનો અધિકાર જે મહાન જ્ઞાનપ્રકાશ છે તે અમને પ્રગટ થયો છે એવા પ્રતાપવંત વર્તતા અમને હવે કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતા ન હોવાથી તેઓ ભાવકપણે કે જ્ઞેયપણે અમારી સાથે એક થઈને અમને ફરીથી મોહનો અંકુર ઉત્પન્ન કરે એમ નથી, કેમ કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો છે. આહાહા! પંચમઆરાના ગુરુનો તો આ પડકાર છે પણ પંચમઆરાના પ્રતિબુદ્ધ શ્રોતાનો પણ આ પડકાર છે—એમ આચાર્ય મહારાજ કહે છે.

[ શ્રી સમયસાર ગાથા ૩૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વિશિષ્ટ પ્રવચન ]

દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને એટલે કે જે અપ્રતિબુદ્ધ હતો તેણે શ્રીગુરુના ઉપદેશથી પુરુષાર્થ વડે આત્માને જાણીને, શ્રદ્ધામાં લીધો છે એવા પ્રતિબુદ્ધ જીવને આત્માનું સંચેતન કેવું હોય છે એ બતાવીને આચાર્યદેવ જીવ-અધિકાર પૂરો કરે છે.

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

આ આત્મા અનાદિનો છે. તે અનાદિથી મોહ-રાગ-દ્વેષની એકતાબુદ્ધિમાં હતો તે અજ્ઞાન હતું. શરીર ને શુભાશુભ ભાવ મારો છે એમ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને -પાગલપણાને લીધે અત્યંત અજ્ઞાની હતો, વસ્તુનું કાંઈ ભાન ન હતું. ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરતાં કરતાં પોતાની ચીજને ભૂલીને પાગલ થઈ રહ્યો હતો. શરીર જડ છે તેને પોતાની ચીજ માની, વિષય-વાસના આદિનો રાગ દુઃખ છે, દયા-દાન આદિનો રાગ દુઃખ છે, આકુળતા છે, તે વસ્તુ પોતામાં નથી છતાં તેને પોતાના માનીને અત્યંત અપ્રતિબુદ્ધ હતો. સચ્ચિદાનંદ આત્માને ભૂલીને શરીર ને રાગના પ્રેમમાં મૂઢ થઈ રહ્યો છે. લક્ષ્મી જડ-તો કહે કે મારી છે, સ્ત્રીનું શરીર ને આત્મા પર-તો કહે મારી છે, પુણ્ય-પાપના પરિણામ રાગ ને દુઃખ છે, તો અજ્ઞાની તેને પોતાના માને છે—એ રીતે અત્યંત મૂઢ અજ્ઞાની હતો.

એવા અજ્ઞાનીને ગુરુએ સમજાવ્યો. કેવા ગુરુ?—કે વિરક્ત ગુરુ. જેને રાગ ને પરમાંથી રતપણું ઊડી ગયું છે, વિરક્ત થઈ ગયા છે ને પોતાના આનંદ સ્વરૂપ પ્રભુમાં જેની લીનતા છે એવા નિર્ગ્રંથ મુનિ સંત ગુરુએ અજ્ઞાનીને સમજાવ્યું. ગુરુએ કહ્યું કે પ્રભુ તું સુખનો સાગર છે ને રાગાદિભાવો તે સંસારના બીજ છે, તેનાથી તું ભિન્ન છો—એમ ગુરુએ નિરંતર સમજાવ્યું. નિરંતર એટલે? પ્રચૂર સ્વસંવેદનવાળા ગુરુ કાંઈ નિરંતર સમજાવવા નવરા નથી પણ ગુરુએ જે સમજાવ્યું તેનો સમજનારે નિરંતર વિચાર કર્યો તેથી નિરંતર સમજાવ્યું એમ કહ્યું.

ગુરુએ એકાદ-બે વાર સમજાવ્યું પણ સમજનારે વારંવાર વિચાર કર્યો, શ્રોતાએ વારંવાર વિચારધારા ચલાવી તેથી ગુરુએ નિરંતર સમજાવ્યું એમ કહ્યું. ગુરુએ કહ્યું કે પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો, ધ્રુવ છો, રાગાદિ તારી ચીજ નથી. ત્યારે સમજનારે વારંવાર વિચારીને તેનું રટન લગાવ્યું કે રાગાદિ હું નહીં, હું તો જ્ઞાયક શુદ્ધ પવિત્ર પ્રભુ છું—એમ વારંવાર ઘોલન કર્યું. અહો! હું તો જાણન જાણન જ્ઞાતાદૃષ્ટા સ્વભાવી છું, રાગાદિ કે શરીરાદિ તે હું નથી, હું તો શરીર રહિત અશરીરી તત્ત્વ છું—એમ વારંવાર વિચાર ઘોલન કર્યું.

આ આત્મા સદા સિદ્ધ સમાન છે, હું ચેતનમૂરત છું—એમ વારંવાર વિચારધારા ચલાવી ત્યારે કોઈ પણ પ્રકારે—મહાભાગ્યથી—પુરુષાર્થ વડે સમજીને સાવધાન થયો. શરીર ને રાગમાં જે આકર્ષિત હતો, સાવધાન હતો તે હવે આત્માના આનંદમાં આકર્ષિત થયો, સાવધાન થયો. ગુરુએ કહ્યું કે તું સત ને શાશ્વત આનંદનો પિંડ છો, પુણ્ય ને પાપના વિકલ્પ ઊઠે છે એ તું નહીં, એ તો ભિન્ન તત્ત્વ છે. શરીરાદિ તો તારી પર્યાયમાં પણ નથી, એ તો તારામાં નથી પણ જે પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ પણ તારી ચીજ નથી. ત્યારે વારંવાર વિચાર ઘોલન કરીને સાવધાન થઈ ગયો કે અરે! હું તો જ્ઞાયકભાવ, ધ્રુવસ્વભાવ પરમ પારિણામિકભાવ તે હું છું—એમ, જે અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે, સાવધાન થઈ ગયો. ચૈતન્ય શું ચીજ છે?—એની કાંઈ ખબર ન હતી ને શરીર, સ્ત્રી, પુત્ર આદિમાં સુખબુદ્ધિ હતી એવો અત્યંત અપ્રતિબુદ્ધ હતો તેવા શ્રોતાને ગુરુએ સમજાવતાં નિરંતર મનન કરીને સાવધાન થઈ ગયો.

જેમ કોઈ દાતણ કરતી વખતે સોનાની વસ્તુ-વીંટી આદિ પોતાની મૂઠીમાં રાખે ને ભૂલી જાય કે અરે ક્યાં ગઈ? તે ફરી યાદ કરતાં સુવર્ણની તે વસ્તુને દેખે કે આ રહી. તેમ જેમાં રાગ-દ્વેષની ગંધ પણ નથી ને અલ્પજ્ઞ દશા પણ જેમાં નથી એવો જ્ઞાયકભાવ ગુરુ દ્વારા સમજાવતાં વારંવાર મનન કરીને, સાવધાન થઈને આત્માને જાણીને, શ્રદ્ધીને તેમાં તન્મય થઈને એક આતમરામ થયો. કોણ આતમરામ થયો?—કે જે અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે એક આતમરામ થયો.

જેમ સોનું મૂઠીમાં હતું પણ ભૂલી ગયો હતો ને તેને શોધવા ચારે બાજુ ફાંફા મારતો હતો તે ફરી યાદ કરતાં પોતાની મૂઠીમાં જ મળી જતાં આશ્ચર્ય પામે છે. તેમ પરમેશ્વર પોતે જ છે તેને ભૂલી ગયો હતો ને હું પૈસાવાળો છું, આ મારી સ્ત્રી, આ મારો પુત્ર—એમ પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો, તેને ગુરુએ નિરંતર સમજાવતાં સાવધાન થઈ ગયો કે અરે! હુ તો સકલ નિરાવરણ આત્મતત્ત્વ છું, જ્ઞાયક સ્વરૂપ જાણનસ્વભાવનો પિંડ પ્રભુ તે હું છું—એમ, જેને ભૂલી ગયો હતો તેને જાણીને તેનું શ્રદ્ધાન કરે છે. જ્ઞાનની વર્તમાન દશામાં જાણ્યું કે આ જ્ઞાયક અખંડ એક શુદ્ધ વસ્તુ તે હું છું—એમ જાણીને એની શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. જાણીને પ્રતીતિ કરે છે હો!

આ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એમ જાણીને તેનું શ્રદ્ધાન કર્યું પછી તેનું આચરણ કર્યું, આનંદના નાથમાં રમણ કર્યું. તેમાં તન્મય થયો. એ રીતે સમ્યક્ પ્રકારે અર્થાત્ ધારણામાં લીધું કે આતો આવો છે ને તેવો છે એમ નહીં પણ સહજાનંદ

પ્રભુને જાણીને, તેની પ્રતીતિ કરીને, તેમાં તન્મય થઈને એક આતમરામ થયો. આનંદમાં રમે તે આતમરામ, રાગમાં રમે તે હરામ.

* હું *

જ્ઞાયક-ધ્રુવ શુદ્ધ તેનું જ્ઞાન કરીને, તેની પ્રતીતિ કરીને, તેની રમણતા કરીને એક આત્મારામ થઈને શું અનુભવ કરે છે તે કહે છે. સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણીને, પ્રતીતિ કરીને, સ્વરૂપાચરણ કરીને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ હું છું. અતીન્દ્રિય આનંદનો સુખધામ હું છું, ચૈતન્ય જાનન-દેખન માત્ર જ્યોતિ છું, રાગાદિ બિલકુલ હું નથી. ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને છે, રાગરૂપ પોતાને નથી માનતો. ચૈતન્ય પ્રકાશના નૂરનો પૂંજમાત્ર હું છું.

હું ચૈતન્યજ્યોતિના નૂરનું પૂર એવો આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાવ છું. અહીં મતિ-શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ ગણ્યું છે. આત્માને જાણવા માટે મતિશ્રુતજ્ઞાનની અપેક્ષા છે પણ રાગ કે નિમિત્તની અપેક્ષા નથી. ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છે એ મારી વીતરાગી પરિણતિથી પ્રત્યક્ષ જણાય છે. મારા સ્વભાવની નિર્મળ પર્યાયથી હું મને જણાઉં છું. રાગથી કે વિકલ્પથી જણાતો નથી એમ નાસ્તિથી ન કહેતાં મારા અનુભવથી પ્રત્યક્ષ હું જણાઉં છું એમ અસ્તિથી કહ્યું. ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા ચૈતન્યજ્યોતિની પરિણતિથી જણાય છે.—એમ પ્રથમ શ્રદ્ધામાં તો નક્કી કરે, ભલે બહિર્લક્ષી શ્રદ્ધા, પણ પહેલાં શ્રદ્ધામાં નક્કી તો કરે કે હું મારા જ અનુભવથી જણાઉં એવો છું, રાગાદિથી કે નિમિત્તથી જણાઉં એવો નથી. મારી અનુભવની પર્યાયથી હું જણાઉં એવો છું. મારા જ અનુભવથી ભગવાન પ્રત્યક્ષ જણાય છે. લ્યો! કેવળજ્ઞાન થયું નથી છતાં પ્રત્યક્ષ જણાય છે!—કે હા, મારી નજરથી મારો આત્મા દૂર રહેતો નથી પણ મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે.

ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને છે. હું ચૈતન્ય જ્યોતિસ્વરૂપ આત્મા છું. ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ ભગવાન આત્મા છે. હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા અનુભવમાં પ્રત્યક્ષ જણાઉં છું. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવામાં આવે છે, પરોક્ષ નહિ, આહાહા!

* એક *

ચિન્માત્ર આકારને લીધે હું ક્રમરૂપ જે મનુષ્યગતિ, સ્વર્ગગતિ આદિ થાય છે તેનાથી ભેદરૂપ થતો નથી ને જોગ, લેશ્યા આદિ એકસાથે હોય છે એવા અક્રમરૂપ વ્યવહારિક ભાવોથી પણ હું ભેદરૂપ થતો નથી. તેથી ક્રમરૂપ ને અક્રમરૂપ થતાં વ્યાવહારિક ભાવોથી હું ભેદરૂપ નથી થતો માટે હું એક છું.

હું સમસ્ત ક્રમરૂપ ગતિ આદિથી અને અક્રમરૂપ લેશ્યા, જોગ આદિ વ્યાવહા ભાવોથી-ભેદરૂપ ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું. હું અભેદરૂપ એક જેને આત્માનું જ્ઞાન થયું છે તે પોતાને આમ અનુભવે છે.

### * શુદ્ધ *

નર-નારક આદિ જીવની વિશેષ પર્યાયો, શરીર-કર્મ આદિ અજીવની પર્યા શુભભાવ-પુણ્ય, અશુભભાવ-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ પર્યાય વ્યાવહારિક નવ તત્ત્વો છે, તેમનાથી ટંકોત્કીર્ણ—શાશ્વત એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું, હું તો એવો ને એવો એક જ્ઞાયકસ્વભાવ છુ તેના વડે નવ તત્ત્વોથી—મોક્ષની પર્યાયથી પણ અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છુ આસ્રવભાવની પર્યાયથી ને સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયથી મારો ભગવાન અત્યંત જુદો છે. સાધકદશા ને સિદ્ધદશાથી હું તો અત્યંત જુદો છું—એમ જાણે છે તો—અનુભ છે તો પર્યાય હો!

નવ તત્ત્વોના પર્યાયના વ્યાવહારિક ભેદોથી હું તો અત્યંત જુદો છુ માટે શુદ્ધ છું. ભગવાન આત્માને તેની પર્યાયથી જુઓ તો અશુદ્ધ કહેવાય છે. જ્ઞાન-દર્શનની પર્યાયથી જુઓ તો મેચક-મલિન-વ્યવહાર કહેવાય છે. પર્યાયના ભેદોથી ભિન્ન તેને શુદ્ધ કહેવાય, પર્યાયના ભેદો સહિત તેને અશુદ્ધ કહેવાય.

### * દર્શનજ્ઞાનમય સદા અરૂપી *

ચિન્માત્ર જ્યોતિને લઈને સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી એટલે કે મારો સ્વભાવ જે દર્શનજ્ઞાનમય છે તેને ઉલ્લંઘતો નથી માટે હું દર્શન-જ્ઞાનમય છું—એમ અનુભવદશા કહે છે. દર્શનજ્ઞાનવાળો છું એમ નહિ પણ દર્શનજ્ઞાનમય છું.

મારું જ્ઞાન સ્પર્શ-રસ-ગંધ આદિને જાણવારૂપ પરિણમેલું હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે આત્મા થતો નથી. સ્પર્શાદિ મારા જ્ઞાનના વેદનમાં નિમિત્ત છે પણ વેદન મારું છે, નિમિત્તનું નથી તથા એ રૂપીપણે હું પરિણમ્યો નથી માટે પરમાર્થે હું ત્રિકાળ સદાય અરૂપી છું.

આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો એટલે કે પોતાની સ્વસંવેદન શક્તિથી રૂપીને જાણવા છતાં પોતે રૂપી થતો નથી કે રૂપી પોતામાં આવતા નથી એવા સ્વરૂપને અનુભવતો, પર્યાયના પ્રકાશમાં સર્વથી જુદા સ્વરૂપને અનુભવતો અર્થાત મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા મારા શુદ્ધ ચૈતન્યઘન આત્માની સન્મુખ થઈને તેને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.

શરીરથી, રાગથી રહિત પૂરણ આનંદ સ્વરૂપ વસ્તુને જ્ઞાનની પર્યાયમાં અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. આ પ્રકારે હું, એક, શુદ્ધ, સદા અરૂપી ને દર્શનજ્ઞાનમય તથા સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું જ્ઞાયક મારા અખંડ પ્રતાપથી શોભાયમાન રહ્યો. ધર્મી એમ જાણે છે—અનુભવે છે કે પરથી જુદો એવો આ હું પ્રતાપવંત રહ્યો. મારી સ્વતંત્રતાથી શોભાયમાન હું આ રહ્યો.

આ રીતે હું પ્રતાપવંત વર્તું છું એવા મને, જોકે મારી બહાર અનેક પ્રકારની તેની પોતાની સ્વરૂપની સંપદા વડે અનંતા પદાર્થો શોભાયમાન છે કે જેને મારી જરૂર નથી ને મારે તેની જરૂર નથી, અનંતા પરમાણુ, અનંતા સિદ્ધો, બીજા અનંતા જીવો તેની સ્વરૂપની સંપદા વડે સ્ફુરાયમાન છે, તોપણ મને પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતા નથી.. જેમ હું પોતે અસ્તિ છું તેમ સમસ્ત અન્ય દ્રવ્યો તેના વડે અસ્તિ છે તોપણ કોઈ પણ પરદ્રવ્ય મારાપણે મને ભાસતાં નથી.

સિદ્ધ હો કે સ્ત્રી-પુત્ર આદિ હો પણ એ તો એના પોતાના સ્વરૂપની સંપદા વડે શોભાયમાન છે તોપણ તેઓ મારાપણે અનુભવાતા નથી—એમ સમ્યગ્દૃષ્ટિ માને છે, અનુભવે છે. પ્રથમ તે અજ્ઞાની હતો પણ તેને ગુરુએ સમજાવતાં પોતાના સ્વરૂપના રટણમાં આવીને સ્વરૂપની સંપદાને અનુભવીને ધર્મી થયો છે એવો સમ્યગ્દૃષ્ટિ એમ અનુભવે છે કે પોત-પોતાના સ્વરૂપની સંપદા વડે સ્ફુરાયમાન સમસ્ત પરદ્રવ્યો કિંચિત્માત્ર પણ મને મારાપણે ભાસતા નથી. જુઓ ! આ જાગી ઊઠેલા શ્રોતાની વાત !

જેને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ આત્મા ભાસ્યો તે સમ્યગ્દૃષ્ટિ એમ કહે છે કે મારામાં પ્રતાપવંત વર્તતા એવા મને કોઈ પણ પરદ્રવ્યો મારાપણે ભાસતા નથી કે જેથી ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરાવે. આહાહા ! પંચમકાળના આચાર્યદેવ કહે છે કે અમે જે મોહનો નાશ કર્યો તે ફરી ઉત્પન્ન થનાર નથી. દ્રવ્ય શું કદી પડે? તેમ તેની દૃષ્ટિ થઈ એ કદી પડે?—ન પડે. તેથી અમે જે મોહનો નાશ કર્યો તે અમને ફરી ઉત્પન્ન નહીં થાય. અરે ! અહીં તો અજ્ઞાની શ્રોતા હતો ને તે પ્રતિબુદ્ધ થયો તે કહે છે કે અમે આત્મજ્ઞાન પામ્યા છીએ અને અમે હવે સાદિઅનંત સમ્યગ્દર્શનમાં રહેવાના છીએ. મુનિ પોતે તો આમ કહે છે પણ જેને આત્મા સમજાવ્યો છે એવો પ્રતિબુદ્ધ શ્રોતા એમ કહે છે કે મને હવે કોઈ ફરીથી મોહ ઉત્પન્ન કરે એમ છે જ નહીં. અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો એ દૃષ્ટિ પડે એ ત્રણકાળમાં છે નહીં. જ્યાં અંદરથી ઝબકારો જાગ્યો, પ્રકાશનો પૂંજ જાગ્યો એવા અમ પંચમઆરાના શ્રોતાને ને પંચમઆરાના ગુરુને ફરી મિથ્યાત્વ થાય એમ નથી. અમારો જે મિથ્યાત્વ-અનંત સંસાર હતો એ ગયો એ ગયો, એ ફરી ઉત્પન્ન થવાનો નથી. આહાહા ! પ્રભુ ! પ્રભુ !

ભાવકભાવ ને જ્ઞેય મારા થઈને ફરી મોહ ઉત્પન્ન કરે એ મારે નથી. કેમ? -કે મારા નિજરસથી, મારી નિજ શક્તિના સામર્થ્યથી મોહને મૂળથી ઉખાડી નાખ્યો છે. મોહ ફરી કેમ ઉત્પન્ન નહીં થાય?—કે મારા સ્વભાવના સામર્થ્યથી જ; કર્મથી કે નિમિત્તથી નહીં પણ મારા નિજરસથી જ મોહને ઉખાડી નાખ્યો છે. મેં મારા નિજરસથી મોહનું મૂળીયું ઉખાડી નાખ્યું છે. આહાહા! શું સમયસાર! શું તેના કહેનાર સંતો! ને શું તેના શ્રોતાઓ! જેને સમજાવ્યું છે ને જે સમજ્યો છે એવો શ્રોતા એમ કહે છે કે મારા પૂરણ સ્વભાવની સાવધાનીના સામર્થ્યથી મેં મોહને મૂળમાંથી ઉખાડી નાખ્યો છે તેથી ફરી અમને મોહ ઉત્પન્ન થવાનો નથી.

ફરીથી મોહનો અંકુરમાત્ર પણ અમને ન ઊપજે એવો મોહનો અમે નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ, ચૈતન્ય ઝળહળ જ્યોતિ મને પ્રગટ થયો છે. મારો પ્રભુ ચૈતન્ય ઝળહળ જ્યોતિ તેનો મહાન પ્રકાશ મને પ્રગટ થયો છે. દ્રવ્યસ્વભાવનો જે સ્વભાવ, જ્ઞાયકસ્વભાવનો જે જ્ઞાયકભાવ એ મને પ્રગટ થયો છે. અહીં જીવ અધિકાર પૂરો કરવો છે ને! તેથી જીવનો જેટલો અધિકાર (-સામર્થ્ય) હતો તેટલો પૂરો અધિકાર આવી ગયો—પ્રગટી ગયો!

આહાહા! પંચમકાળના ગુરુ ને શ્રોતાની વ્યાખ્યા તો જુઓ! ભલે બે-ચાર શ્રોતા નીકળે, પણ નીકળે, નીકળે ને નીકળે.

કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા પણ એના ટીકાકાર પોકાર કરે છે, અરે! ટીકાકાર કહે છે કે અમે જેને કીધું એ શ્રોતા આ પોકાર કરે છે કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો હોવાથી મોહનો અંકુર પણ હવે ફરીથી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! શ્રોતા કયાં ભગવાન પાસે ગયો છે?—કે એ નિજ ભગવાન પાસે ગયો છે ને! તેથી પડવાની વાત મારે માટે નથી. શાસ્ત્રમાં પડવાની વાત આવે છે પણ એ તો જાણવા માટે છે, મારા માટે એ વાત નથી. આહાહા! જેણે શુદ્ધ દ્રવ્યનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા તેને પડવાની વાત હવે નથી!

જ્ઞાનનો ભંડાર પ્રભુ, તેમાંથી મારી પર્યાયમાં મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. જીવ-અધિકારનો આ છેલ્લો સરવાળો કે જીવનો જેવો અધિકાર હતો એ મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો ત્યાં જીવનો અધિકાર પૂરો થયો—પૂરણ અધિકાર પ્રાપ્ત થયો.

—*—

## ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

# અધ્યાત્મ–પુષ્પો

□ કેવો સિદ્ધાંત! આત્મા—જે ત્રિકાળી શાશ્વત વસ્તુ છે તે—ઉત્પાદ ને ધ્વંસ, ઉત્પત્તિ ને વ્યય વિનાની કાયમી ચીજ છે. સંયોગી ચીજ, રાગ અને એક સમયની પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, જેમાંથી અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પાક થાય એવું જે શાશ્વત શુદ્ધિધામ બળવાન આત્મદ્રવ્ય તેના ઉપર જેની દૃષ્ટિ થઈ તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ. દૃષ્ટિના વિષયભૂત ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય સંયોગના સંબંધથી, રાગથી ને એક સમયની પર્યાયથી પણ રહિત છે. શું કહે છે? નિત્ય શુદ્ધિધામ એવો ભગવાન આત્મા તું છો, તારી પાસે છો, તે તું જ છો. શાશ્વત શુદ્ધિનું ધામ, પવિત્રતા ને આનંદનું સ્થળ એવું જે જોરદાર આત્મદ્રવ્ય તેની ઉપર દૃષ્ટિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન છે. દેહના અસ્તિત્વમાં, રાગની હયાતીમાં ને એક સમયની પર્યાયમાં જેનું 'હોવાપણું' નથી, પણ જેનું 'હોવાપણું' શાશ્વત શુદ્ધિસ્થળ એવા બળવાન આત્મદ્રવ્યમાં છે એવા નિજ ધ્રુવ જ્ઞાયકતત્ત્વની જેને દૃષ્ટિ થઈ તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ.

□ જ્ઞાયક પદાર્થમાં મુનિપણાની ને સિદ્ધની પર્યાયનો પણ અભાવ છે. ખરેખર જ્ઞાયક પદાર્થને એક પણ પર્યાય-અપેક્ષા નથી. પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર. જે પર્યાય પ્રગટ થઈ છે તેના ઉપર નજર ન રાખ; નજર તો ત્રિકાળી એકરૂપ જ્ઞાયકપ્રભુ છે ત્યાં કર. ત્યાં નજરબંધી કરી દે. તારી નજરને ધ્રૌવ્યમાં ધ્રુવ કરી દે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય. તે સમ્યગ્દર્શન વિના ભલે અગિયાર અંગનો પાઠી હોય તોપણ અજ્ઞાની છે. સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, ઉપવાસ કરે, પરિષહ સહન કરે, તે બધો ક્લેશ છે.

□ અહા! પ્રમત્ત-અપ્રમત્ત વગેરે પર્યાયો છે તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય જ નથી—એમ નથી. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન ને સિદ્ધપદ—એ બધું પર્યાયનયનો—વ્યવહારનયનો વિષય છે. જીવવસ્તુ અનાદિ-અનંત એકરૂપ છે; તેના અવસ્થાભેદે સંસારી ને સિદ્ધ એવા બે ભાગ પાડવા તે વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વમાં પરમાર્થે એવા બે ભેદ નથી. અહા! વીતરાગદર્શન કોઈ અલૌકિક છે; તે વિશ્વદર્શન છે. વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞભગવાને જેવું જાણ્યું છે તેવું કહ્યું છે. તને તે યથાર્થ તત્ત્વ સાંભળવા મળ્યું નથી, તેથી આ બીજી ચીજ છે, નવી છે–એમ

લાગે છે; પરંતુ ખરેખર તેમ નથી; ચીજ તો અનાદિની છે, આમ જ છે, તેમાં કોઈએ કાંઈ નવીન કર્યું નથી; વસ્તુસ્થિતિ જ આ છે.

□ એક બાજુ એમ કહેવું કે આત્મામાં અનંત બળ—સ્વરૂપની રચના કરવાનું સામર્થ્ય—ભરેલું પડ્યું છે, ને બીજી બાજુ એમ કહેવું કે ત્રિકાળી ધ્રુવ વીર્ય છે તે સ્વરૂપની પર્યાયને રચે નહિ; અહા! ગહન વિષય છે! સર્વજ્ઞ...સર્વજ્ઞ...તું સર્વજ્ઞ છો. જે સર્વજ્ઞ થયા તે પર્યાય ક્યાંથી આવી? અહીં એમ કહે છે કે—શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. ત્રિકાળી શુદ્ધનો સ્વીકાર થયો ત્યાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનાકુળ આનંદ, શાંતિ, ઇશ્વરતા-પ્રભુતા વગેરેની દશામાં શુદ્ધતા પ્રગટે જ.

□ ત્રિકાળી નિત્યાનંદ જ્ઞાયકપ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય છે, તે મોક્ષના મારગરૂપ કે સમકિત પર્યાયરૂપ પણ થતો નથી, તે તો અપરિણામી ધ્રુવ ટકતો અંશ છે. તે બદલાતો નથી, પલટાતો નથી, હલચલ વિનાનો ત્રિકાળી ધ્રુવ છે. સમ્યગ્દર્શન માટે આશ્રય કરવા લાયક તે ચીજ છે. સમકિતીની નજર નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ ઉપર કાયમ રહેતી હોય છે. ચાહે તો ખાવા-પીવાના, બોલવાના, વેપારધંધાના વગેરે અનેક પ્રકારના વિકલ્પો આવે અને બહારમાં તે પ્રકારની ક્રિયા પણ થતી હોય, પણ દૃષ્ટિમાં તો તેને એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તત્ત્વ જ છે. જ્ઞાયકતત્ત્વનો દોર તેને કદી ખસતો નથી. જેમાં મોક્ષની પર્યાય પણ નથી એવા ધ્રુવ જ્ઞાયક ઉપર તેની નજર કાયમ હોય છે. સાથે જ્ઞાન છે તે પર્યાયને જાણવાનું કામ કરે છે. જો ધ્રુવ તત્ત્વ ઉપરથી નજર ખસી જાય અને પર્યાય ઉપર નજર ચોંટી જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

□ આત્મા અનાદિથી એક સમયની પર્યાય જે પ્રગટ છે તેમાં પોતાનું અસ્તિત્વ માની રમી રહ્યો છે. પરંતુ વર્તમાન પ્રગટ પર્યાયની બાજુમાં અંદર ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે, આશ્ચર્યકારી કોઈ સર્વોત્કૃષ્ટ ચીજ છે, તેની તેને ખબર ને મહિમા નથી. આહાહા! આ વાત તો અંતર્મુખ થવાની છે; બહુ સૂક્ષ્મ પડે પણ એણે કરવું તો પડશે.

□ તું પોતે ચૈતન્યસ્વરૂપ સ્વયં જ્ઞાયક ભગવાન છો. તેને ક્યાંય બહારથી લાવવો પડે છે—એમ નથી; તેથી તેને પ્રાપ્ત કરવો તે સુગમ છે. તું પ્રભુ પોતે છો તેને પ્રાપ્ત કરવો છે. સ્વયં તું પોતે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ આત્મા 'છો' તેનો વિશ્વાસ કર. 'છે' તેને પ્રાપ્ત કરવો છે. તે ચૈતન્યસ્વરૂપ આત્મા રાગસ્વરૂપ, પુણ્યસ્વરૂપ કે પાપસ્વરૂપ નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા તારો પોતાનો છે; પોતાને પોતાપણે પ્રાપ્ત કરવો તેમાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

(તા. ૧૦-૧૦-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

જેમના મંગલમય તેમ જ કલ્યાણકારી અભ્યુદયથી આ શતાબ્દી 'અધ્યાત્મયુગ'ના રૂપમાં પ્રસિદ્ધ થઈ તે આપણા સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મપ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્ર-દર્શન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-પરિશિષ્ટ-શક્તિ પર (૧૫ મી વખતનું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, પૂજ્ય બહેનશ્રીના સાધનારૂમમાં સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-નાટક પર ટેપ પ્રવચન-ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

❀ પ્રતિવર્ષ અનુસાર આ વર્ષે પણ 'શ્રી મહાવીર-નિર્વાણ' નિમિત્તે દીપાવલીના મંગલ અવસરે સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આસો વદ ૧૧, રવિવાર, તા. ૧૪-૧૦-૯૦ થી આસો વદ ૦)), ગુરુવાર, તા. ૧૮-૧૦-૯૦ સુધી 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક' પૂજા-સમારોહ રાખવામાં આવ્યો છે. દીપાવલી-મહોત્સવ તેમજ 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક' પૂજા-સમારોહનો લાભ લેવા માટે દર વર્ષે બહારગામથી પણ અનેક મુમુક્ષુઓ આવે છે. કારતક સુદ એકમ-નૂતન વર્ષારંભનો મંગલ દિવસ પણ પૂજા ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે. ઉપરોક્ત પ્રસંગોમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમજ ભક્તિનો પણ લાભ મળશે.

❀ શ્રી મહાવીર નિર્વાણ નિમિત્તે કાયમી પંચકલ્યાણક પૂજા—(૧) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન (૨) બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયા (તેમના પિતાશ્રીની પુણ્યસ્મૃતિ અર્થે)—તરફથી રાખવામાં આવશે.

❀ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમજ પૂજ્ય બહેનશ્રીના સ્વર્ગવાસની માસિકતિથિએ રોજના ધાર્મિક કાર્યક્રમ ઉપરાંત આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા ભક્તિ-વૈરાગ્યભીના ભાવે પૂજા અને ભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવે છે.

❀ નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ કારતક સુદ-૭, શુક્રવાર, તા. ૨૬-૧૦-૯૦ થી કારતક

સુદ-૧૫, શુક્રવાર, તા. ૨-૧૧-૯૦ સુધી 'શ્રી પંચમેરુ-નંદીશ્વર-મંડલવિધાન' પૂજા, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના જિનેન્દ્રભક્તિ આદિ અનેક કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* બોટાદનિવાસી (હાલ માંટુંગા) શ્રી કાંતિલાલ શીવલાલ ગાંધી (વર્ષ-૮૦) તા. ૩૦-૮-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોશી (આફ્રિકા) નિવાસી શ્રી લખમશી જેઠાભાઈ માલદેના ધર્મપત્ની શ્રી કસ્તુરબેન (વર્ષ-૭૦) તા. ૧૬-૯-૯૦ના રોજ બ્લડ કેન્સરની બિમારીમાં નાઇરોબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ નિવાસી (હાલ મુંબઈ) શ્રી રતીલાલ હરગોવિંદદાસ મોદી (વર્ષ-૮૧) તા. ૬-૧૦-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

[ ગુરુ-જ્ઞાન-સરોવરમાં...પૃષ્ઠ ૨૬ થી ચાલુ ]

દુર્લભ શું? પોતાને પોતાથી પ્રાપ્ત કરવો સુગમ છે. શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે : 'સત્ સરળ છે, સુગમ છે, સર્વત્ર છે.' કોઈ પણ ક્ષેત્રમાં હો, કોઈ પણ પર્યાયમાં હો, વસ્તુ તો વસ્તુપણે કાયમ છે. ચૈતન્યસ્વરૂપ આત્મા તું પોતે તારો પોતાનો છો, તેથી તેને પ્રાપ્ત કરવો સુગમ છે. જે 'છે' તેને મેળવવું તેમાં વિશેષ શું છે?

□ મુનિરાજ સ્વરૂપમાં જ વિચરણ કરે છે, રાગમાં વિચરતા નથી. પ્રભુ! તારું સ્વરૂપ અંદર અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય ઇશ્વરતા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા ને અતીન્દ્રિય નીરોગતાથી ભરેલું તત્ત્વ છે. ધર્મી જીવ પોતાના સ્વચ્છસ્વરૂપમાં વિચરે છે. એને વ્યવહાર-રત્નત્રયનો રાગ આવે છતાં તેનો આદર નથી એટલે તેનું વિચરવું ત્યાં—રાગમાં—નથી. રાગથી ભિન્ન ચૈતન્યનું જેને ભાન નથી એ બધા વિષયના ભિખારા છે, રાંકા છે; ભલે એ અબજોપતિ હોય કે મોટા દેવ હોય, પણ આત્માનુભવરૂપ ચૈતન્યપ્રાણથી રહિત હોવાથી તેઓ ચાલતાં મડદાં છે. જેમને, પુણ્ય ને પાપના રાગનો જેમાં અવકાશ નથી એવા ત્રિકાળી ચૈતન્યપ્રાણસ્વરૂપ આત્મામાં લીનતા છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-રમણતારૂપ પરિણતિ વર્તે છે એવા સંત મુનિઓ સ્વરૂપમાં જ વિચરણ કરે છે. —o—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે

સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૪-૧૧-૯૦ થી તા. ૮-૧૧-૯૦ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો દશમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૭, કારતક વદ ૭, ગુરુવાર, તા. ૮-૧૧-૯૦ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૪-૧૧-૯૦, રવિવારથી તા. ૮-૧૧-૯૦, ગુરુવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

રે જીવ! તું અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવોના દોષનો શા માટે નિશ્ચય કરે છે?—તે તો મિથ્યાદૃષ્ટિ છે જ; તું તારા આત્માને પોતાને જ કેમ નથી જાણતો? જો તને નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો તું પણ દોષવાન છો. માટે જિનવાણી અનુસાર તું દૃઢ શ્રદ્ધા કર.

—આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ-સિદ્ધાંત-રત્નમાલા

卐

## 卐 કરવા જેવું 卐

આ શરીર આત્માનું નથી; તે જડ છે—પરદ્રવ્ય છે, ચૈતન્યનું સ્વરૂપ નથી; તોપણ (અજ્ઞાની) પર્યાયમાં તેને પોતાનું માની રહ્યો છે, વિભાવને પોતાના માની રહ્યો છે. શુભ ભાવ મારો—પૂજા કરું, ભક્તિ કરું, સ્વાધ્યાય કરું, મનન કરું, એમ તેમને એકાકારપણે પોતાનાં માની રહ્યો છે, પણ તે તો શુભ રાગ છે; તેનાથી તો પુણ્યબંધ થાય છે. તારો ભગવાન આત્મા તો તેનાથી પણ ન્યારો ને ન્યારો જ છે. ન્યારા આત્માને ઓળખ! નિર્વિકલ્પતત્ત્વને ઓળખ! તે કરવા જેવું છે, તેનાથી ભવનો અભાવ થશે.

—પૂજ્ય બહેનશ્રી

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ